# સિંધુ જળ સંધિ પર તટસ્થ નિષ્ણાતની કાર્યવાહી બેઠક

21 સપ્ટેમ્બર 2023

20 અને 21 સપ્ટેમ્બર 2023ના રોજ વિયેનામાં આર્બિટ્રેશનની કાયમી અદાલતમાં કિશનગંગા અને રાતલે કેસમાં તટસ્થ નિષ્ણાત કાર્યવાહીની બેઠકમાં જળ સંસાધન વિભાગના સચિવની આગેવાની હેઠળ ભારતના પ્રતિનિધિમંડળે ભાગ લીધો હતો. આ કેસમાં ભારતના મુખ્ય વકીલ તરીકે વરિષ્ઠ વકીલ શ્રી હરીશ સાલ્વે હાજર છે.

સિંધુ જળ સંધિના આશ્રય હેઠળ ભારતની વિનંતી પર નિયુક્ત તટસ્થ નિષ્ણાત દ્વારા આ બેઠક બોલાવવામાં આવી હતી અને તેમાં ભારત અને પાકિસ્તાનના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

આ બેઠકમાં ભારતની સહભાગિતા ભારતના સાતત્યપૂર્ણ, સૈદ્ધાંતિક વલણને અનુરૂપ છે કે સિંધુ જળ સંધિમાં પૂરી પાડવામાં આવેલ વર્ગીકૃત મિકેનિઝમ અનુસાર આ સમયે તટસ્થ નિષ્ણાત કાર્યવાહી જ એકમાત્ર કાયદેસરની કાર્યવાહી છે.

એટલા માટે ભારતે કિશનગંગા અને રાતલે HEP સંબંધિત સમાન મુદ્દાઓ પર ગેરકાયદેસર રીતે રચાયેલી આર્બિટ્રેશન કોર્ટ દ્વારા હાથ ધરવામાં આવતી સમાંતર કાર્યવાહીમાં ભાગ ન લેવાનો સંધિ આધારિત નિર્ણય લીધો છે.

તટસ્થ નિષ્ણાત કાર્યવાહી ચાલુ છે અને થોડા સમય માટે ચાલુ રહેવાની અપેક્ષા છે. ભારત સિંધુ જળ સંધિની જોગવાઈઓ અનુસાર મુદ્દાઓના નિરાકરણને સમર્થન આપે તેવી રીતે જોડાવા માટે પ્રતિબદ્ધ છે.

**નવી દિલ્હી**
**21 સપ્ટેમ્બર 2023**